જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૨/૦૧/૨૦૨૪   સોમવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## ગંભીર પ્રકારના ગુનામાં છેલ્લા ત્રણ મહિનાથી નાસતા ફરતા આરોપીને ઉત્તરપ્રદેશ રાજ્ય ખાતેથી પકડી લાવી કાયદેસર કાર્યવાહી કરતી શહેરકોટડા પોલીસ

મે.પોલીસ કમિશ્નર.શ્રી અમદાવાદ શહેર તથા સયુંકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૧ સાહેબશ્રીની સુચનાથી નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૩ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “ડી” ડિવિઝન સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ શરીર સબંધી ગુનાઓ શોધી કાઢવા સારૂ કરેલ સુચના મુજબ શહેરકોટડા પોલીસ સ્ટેશન પાર્ટ-A ગુ.ર.ન.-૧૧૧૯૧૦૪૧૨૩૦૯૭૪/૨૦૨૩ ઇ.પી.કો કલમ ૩૭૬, ૩૭૬(૨)(એન) મુજબનો ગુનો શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે થયેલ જે ગુનાની ગંભીરતા ધ્યાને લઇ પોલીસ ઇન્સ્પેકટર શ્રી એમ.ડી.ચંદ્રાવાડીયા તથા પોલીસ ઇન્સ્પેકટર શ્રી ચિરાગ ગોસાઇ શહેરકોટડા પો.સ્ટેશન નાઓના માર્ગદર્શન તથા સુચના મુજબ અધિકારી શ્રી / તથા કર્મચારી નાઓની સંયુકત ટીમ બનાવવામાં આવેલ જેઓ દ્વારા આરોપીના મોબાઇલ નંબરો મેળવી તેના સી.ડી.આર.ની માહિતીનું જરૂરી વિશ્લેષણ કરી જરૂરી ટેકનીકલ સર્વેલન્સ હાથધરી મળતી માહિતી મુજબ હ્યુમન સોર્સીસનો ઉપયોગ કરી આરોપી આકાશ ઉર્ફે અક્કુ ચૌહાણ બાબતે જરૂરી માહીતી એકત્રીત કરવા સારૂ કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી. જે આધારે આરોપી આકાશ ઉર્ફે અક્કુ ચૌહાણ નાનો ઉત્તરપ્રદેશ રાજ્ય ખાતે હોવાની હકીકત મળતા પો.સબ.ઇન્સ પી.કે.ક્રિશ્ચિયન તથા અનાર્મ પો.કો કર્મરાજ કરણસિંહ બ.નં.૧૨૫૭૬ તથા અનાર્મ પરેશકુમાર રાજુભાઇ બ.નં.૩૮૬૬ તથા અનાર્મ પો.કો ઇન્દ્રજીતસિંહ ગભુભા બ.નં.૧૨૪૭૦ તથા આ.ડ્રા.પો.કો આકાશકુમાર બળદેવભાઇ નાઓની ટીમ બનાવી ઉત્તરપ્રદેશ રાજય ખાતે તપાસમાં મોકલી આપવામાં આવેલ અને ઉપરોક્ત અધિકારી/કર્મચારી નાઓની ટીમ દ્વારા ઉત્તરપ્રદેશ રાજય ખાતે જઈ આરોપી આકાશ ઉર્ફે અક્કુ ચૌહાણ બાબતે જરૂરી તપાસ તજવીજ કરી આરોપી આકાશ ઉર્ફે અક્કુને ઉત્તરપ્રદેશ રાજ્યના લખનઉ ખાતેથી પકડી લાવી કાયદેસર કાર્યવાહી કરી પ્રશંસનીય કામગીરી કરેલ છે. જે ગુનાની આગળની તપાસ પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી ચિરાગ ગોસાઇ નાઓ ચલાવી રહેલ છે.

### કામગીરીમાં મદદરૂપ અન્ય કર્મચારીઓ

અનાર્મ હે.કોન્સ રણવીરસિંહ દલપતસિંહ બ.નં.૫૧૮૨
અનાર્મ હે.કોન્સ કલ્પેશભાઇ અમૃતભાઇ બ.નં.૫૩૧૫
અનાર્મ પો.કો. તુષારભાઇ મધુકર બ.નં.૬૨૧૩
અનાર્મ પો.કો પ્રદીપસિંહ દિલીપસિંહ બ.નં.૩૧૯ ૬

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૪/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૪ કેસ કરી, ૭૧ વ્યક્તિઓને ઝડપી, ૩૨૪ લીટર દેશી દારૂ, ૮૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૯૦૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૪ બિયર ટીન, ૧ સ્કુટર અને ૨ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૨,૦૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૫/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૧૧૬/૨૦૨૪

**સેટેલાઇટઃ** રોહનભાઇ રાધેશ્યામ અગ્રવાલ (રહે.સુમધુર સોસાયટી, ઓશનપાર્કની બાજુમાં, નહેરુનગર, સેટેલાઇટ) એ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૦૧/૨૦૨૪ સવારના ૬/૦૦ થી સાંજના ૫/૩૦ વાગ્યા દરમ્યાન ઘરમાં કામ કરતા શકમંદ આરોપી રમેશ ચક્રબર્તી (રહે. સરસ્વતી બજાર, પશ્ચીમ મીદનાપોર, વેસ્ટ બંગાલ) નાઓ રોહનભાઇના ઘરની તિજોરીમાંથી સોના-ચાંદી-ડાયમંડના દાગીના તથા રોકડ રૂપિયા ૧,૮૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩૦,૩૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગયો છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.વાય.વ્યાસ ચલાવે છે.

## અપમૃત્યુઃ- સમાચાર યાદી નં.૧૧૭/૨૦૨૪

**એલીસબ્રીજઃ** અલ્કેશ સ/ઓ પ્રતાપભાઇ ડોડીયાર (ઉ.વ.૧૪)(રહે.હાલારનગર સોસાયટી સામે ઝુપડપટ્ટીમાં સુભાષનગર સોસાયટી જુના વાડજ) તા.૨૦/૦૧/૨૦૨૪ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે જી.એસ.ટી.ભવનની બાજુમાં નહેરૂનગર શ્યામ કામેશ્વર જ્યોત સોસાયટી ખાતે નવા કંટ્રક્શનનું કામ ચાલતુ હતુ ત્યારે અલ્કેશ ઉપર દિવાલ પડતા દટાઇ જતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને સોલા સિવીલ હોસ્પીટલ ખાતે લઇ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એચ.મછાર ચલાવે છે.

## આત્મહત્યાઃ- સમાચાર યાદી નં.૧૧૮/૨૦૨૪

**માધવપુરાઃ** કેતનભાઇ કાંતીભાઇ મકવાણા (ઉ.વ.૨૬)(રહે,જુગલદાસની ચાલી નંબર-૭ પ્રેમદરવાજા બહાર ઇદગાહ રોડ) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૧/૨૦૨૪ સવારના ૧૧/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે લોખંડની એંગલ સાથે દોરડું બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કીરીટસિંહ દીપસિંહ ચલાવે છે.

**અમરાઇવાડીઃ** ભારતીબહેન વા/ઓ પરેશભાઇ પારધી (રહે.સુખસાગરનગર મહાલક્ષ્મીનગર પાસે અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૧/૨૦૨૪ ના રોજ પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૦/૦૧/૨૦૨૪ સાંજના ૬/૧૦ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતુ. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એ.ખુમાણ ચલાવે છે.

**ઓઢવઃ** સતીષભાઇ ભરતભાઇ કુમાવત (ઉ.વ.૪૧)(રહે.મંગલમ સોસાયટી, ઇન્દીરાપાર્ક સામે, આદીનાથનગર, ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૧/૨૦૨૪ સાંજના ૫/૦૦ થી ૭/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મનોજભાઇ ભીખાભાઇ ચલાવે છે.

**કાગડાપીઠઃ** દેવાંગ ચંદ્રકાન્તભાઇ પટેલ (ઉ.વ.૫૧)(રહે.બહુચરમાતાના મંદીર આગળ ફુટપાથ ઉપર ભુલાભાઇ પાર્ક) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૧/૨૦૨૪ રાતના ૧૧/૩૦ વાગ્યાના સુમારે ભુલાભાઇ પાર્ક બહુચરમાતાના મંદીર આગળ ફુટપાથ ઉપર પોતાની જાતે ઝેરી પ્રવાહી પી લેતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૦/૦૧/૨૦૨૪ સાંજના ૬/૪૫ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતુ. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અશ્વિનભાઇ રૈયાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી